**Publication: Surya Kaal; Date: 04 Aug 2011; Edition: Ahmedabad;**

# ટીસીએસ આઈટી વિઝ અમદાવાદમાં યોજાશે

અમદાવાદ,બુધવાર

દેશની અગ્રણી આઈટી સર્વિસ, કન્સલ્ટિંગ અને બિઝનેસ સોલ્યુશન્સ કંપની ટાટા કન્સલ્ટની સર્વિસિઝ (ટીસીએસ) દ્વારા દેશના શાળાઓ માટેના સૌથી મોટા ટેક ક્વિઝ, ટીસીએસ આઈટી વિઝ ૨૦૧૧ની અમદાવાદ આવૃત્તિની જાહેરાત કરવામાં આવી હતી. આ આઈટી ક્વિઝ,૧૨ ઓગસ્ટ, ૨૦૧૧, શુક્રવારના રોજ ટાગોર હોલ, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડીઝાઈનની સામે, પાલડી ખાતે યોજાશે.

અમદાવાદ આવૃત્તિમાં ધોરણ ૮-૧૨ (પીયુ/જુનિયર કોલેજના વિદ્યાર્થીઓ સહિત)માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. આઈટી વિઝમાં ભાગ લેવા માટે કોઈ ફી રાખવામાં આવી નથી. દરેક સંસ્થા બે સભ્યોની બનેલી મહત્તમ આઠ ટીમ મોકલી શકે છે.

ટીસીએસ આઈટી વિઝા ૨૦૧૧ના પ્રાદેશિક રાઉન્ડસ ૧૨ શહેરોમાં યોજાશે જેમાં હેદરાબાદ, અમદાવાદ, બેંગ્લોર, ચેન્નઈ, કોઈમ્બૂતર, પૂણે, કોલકાતા, ભુવેનશ્વર, કોચી, લખનૌ, દિલ્હી અને મુંબઈનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય સ્તરની આ સ્પર્ધા ૨૦૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાની અપેક્ષા છે. પ્રાદેશિક રાઉન્ડ્સ બાદ ડિસેમ્બરમાં રાષ્ટ્રીય ફાઈનલ યોજાશે જેમાં પ્રાદેશિક રાઉન્ડ્સમાં વિજેતા બનેલી ૧૨ ટીમો ટીસીએસ આઈટી વિઝ નેશનલ ચેમ્પિયન ટાઈટલ ખાતે સ્પર્ધા કરશે.